જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૧૨/૨૦૨૧ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૩૧૫/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૦/૧૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૮	૦	૧૧૭૩૮	૧૭૮૪૮	૦	૧૭૮૪૮
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૫	૦	૧૨૫	૩૯૭	૦	૩૯૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૫૦૩૫	૪૬	૭૫૦૮૧	૭૬૧૪૭	૪૬	૭૬૧૯૩
કુલ		૯૧૬૩૧	૪૬	૯૧૬૭૭	૧૦૦૬૭૪	૪૬	૧૦૦૭૨૦

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૭૬	૬,૭૯,૫૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫૧૬	૫,૧૬,૦૦૦/-

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૩૧૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૯૮ લીટર દેશી દારૂ, ૧૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૬ બિયર ટીન અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૬૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૩૧૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૨૩૧૮/૨૦૨૧**

સાયબર ક્રાઈમઃ અનિષ કાંતિલાલ ત્રિવેદી (ઉ.વ.૫૨) (રહે. દેવ કેસ્ટલ ફ્લેટ ગોવિંદવાડી ઇસનપુર) એ તા.૨૦/૧૨/૨૦૨૧ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૧૧/૨૦૨૧ થી તા.૨૯/૧૧/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન અજાણી વ્યક્તિએ અનિષ ત્રિવેદીની "કંદોઇ ભોગીલાલ મૂળચંદ" નામની પેઢીના બેન્ક ખાતામાં રજીસ્ટર મોબાઇલ નંબર એનકેન પ્રકારે બંધ કરાવી ઇન્ટરનેટ બેંક ટ્રાન્જેક્શન માટેના ઓટીપી મેળવી લઇ ખાતામાંથી કુલ રૂપિયા ૭૫,૦૦,૦૦૦/- ઓનલાઇન અલગ-અલગ ખાતાઓમાં ટ્રાન્સફર કરી મેળવી લઇ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.આર.મુછાળ ચલાવે છે.

ક્રાઈમ બ્રાન્ચઃ નૈનેશ બાબુભાઇ પટેલ (ઉ.વ.૪૧) (રહે. નળકુંજ સોસાયટી નુતન નાગરીક બેંક સામે વિજયનગર નારણપુરા) એ તા.૨૦/૧૨/૨૦૨૧ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૦૬/૨૦૨૦ થી તા.૧૮/૦૧/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી વિનય અનિલભાઇ શુકલ (રહે. ભાવસારની ખડકી લક્ષ્મીજી મંદિર પાસે ડાકોર) એ બોડકદેવ સિંધુભવન રોડ પર આવેલ વિઝા કંન્સલ્ટન્સીની ઓફીસ ખાતે યશ કન્સલટન્સી નામથી વિઝા એજન્ટ તરીકે કામ કરતા હોઈ વિઝાને લગતુ કોઇ કામ હોય તો કહેજો અને વિઝા અંગેનુ કામ અપાવવા અને તે પેટે કમીશન આપવાનુ જણાવી નૈનેશ પટેલનો વિશ્વાસ અને ભરોષો કેળવી વિઝા એજન્ટ તરીકે નૈનેશ પટેલ પાસેથી નૈનેશ પટેલના અલગ-અલગ ગ્રાહકોનુ વિઝા અંગેનુ કામ લઈ તે કામ પેટે નૈનેશ પટેલ પાસેથી વિઝા અંગેની પ્રોસેસ પેટે કુલ રૂપિયા ૬૨,૬૯,૯૯૯/- મેળવી લઈ ગ્રાહકોના વિઝા અંગેનુ કામ નહી કરી આપી તેમજ આપેલ પૈસા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એન.એલ.દેસાઈ ચલાવે છે.

વાડજ: અજિંક્ય રાજન સામાનગડકર (ઉ.વ.૨૯) (રહે. શુકન સ્માઈલ સીટી શ્યામ હિલ સોસાયટી પાસે બલોલનગર બ્રીજના છેડે ન્યુ રાણીપ) એ તા.૨૦/૧૨/૨૦૨૧ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે અજિંક્ય સામાનગડકર વલ્ડ યુનિટી ઈપેક્ષ ઈનટરનેશનલ 2 B એક્સપોર્ટર્સ ઈન્ડીયા નામની સાઈટ ઉપર મેમ્બરશીપ હોઈ ઈમ્પપોર્ટ એક્સપોર્ટ વલ્ડ યુનિટી એમ્પેક્સ ઈનટરનેશનલ નામની કંપની ધરાવી ઓનલાઈન વેપાર કરતા હતા. જેથી સાઈટ ઉપર તામિલનાડુ ઈરોડ ખાતેથી શ્રી સરવાના દુર્ગા ટ્રેડર્સ નામની કંપનીએ મોબાઈલ નંબર ૮૦૯૮૮૮૮૬૬૪, ૮૯૪૬૦૭૬૩૭૬ ના ધારક પી.પેરીસુદ તથા વેલુ નામની વ્યક્તિએ ૧૫,૦૦૦ કિલોગ્રામ સફેદ તલની ડીમાન્ડ હોવાનુ જાણી આપેલ મોબાઈલ નંબર ઉપર સંપર્ક કરી ખરાઈ કરી અજિંક્ય સામાનગડકરએ તા.૧૩/૦૪/૨૦૨૧ થી તા.૨૦/૧૨/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન માંગણી મુજબ ૧૫,૦૦૦ કિલોગ્રામ તલ તામિલનાડુ ઈરોડ ખાતે મોકલી આપતા આરોપી પી.પેરીસુદ તથા વેલુ એ મેળવી લઈ તે પેટેના રૂપિયા ૧૭,૯૫,૫૦૦/- નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.પી.મલ્હોત્રા ચલાવે છે.

<u>ચોરી:-</u> **<u>સમાચાર યાદી નં.૨૩૧૯/૨૦૨૧</u>**

કાગડાપીઠ: વીણાબહેન વા/ઓ રજનીકાંતભાઈ બારોટ (ઉ.વ.૫૩) (રહે. સાંઈબાબાનગર એલ.ટી.એપાર્ટમેન્ટ બોરીવલી વેસ્ટ મુંબઈ મહારાષ્ટ્ર) એ તા.૨૦/૧૨/૨૦૨૧ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૧૨/૨૦૨૧ કલાક ૫/૧૫ વાગ્યાના સુમારે ગીતામંદિર બસ સ્ટેન્ડ પ્લેટફોર્મ નં-૨૦/૨૧ ખાતે બસમાં ચઢતી વખતે અજાણી વ્યક્તિએ વીણાબહેનના પર્સમાંથી સોનાનું મંગળસુત્ર કિમત રૂપિયા ૭૫,૦૦૦/- અને સોનાની બંગડીઓ નંગ-૨ કિમત રૂપિયા ૭૫,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.બી.ખેર ચલાવે છે.

<u>નવમાં માળથી પડી જતા મૃત્યુ:-</u> **<u>સમાચાર યાદી નં.૨૩૨૦/૨૦૨૧</u>**

નવરંગપુરા: દિપ સ/ઓ દિનેશભાઇ પટેલ (ઉ.વ.૪૭) (રહે. હરીઓમ ટાવર રેડીસન બ્લુ હોટલની બાજુમાં પંચવટી પાંચ રસ્તા પાસે નવરંગપુરા) તા.૨૦/૧૨/૨૦૨૧ કલાક ૧/૦૦ વાગ્યાના સુમારે રહેણાંકના નવમા માળ રૂમની ગેલેરીમાંથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નવરંગપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી સોનલબહેન હીમાંશુભાઇ ચલાવે છે.

દાઝી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૨૩૨૧/૨૦૨૧**

વટવા જીઆઇડીસીઃ બલવીર સ/ઓ કિશુનલાલ ચૌધરી (ઉ.વ.૩૩) (રહે.નવી વસાહત જશોદાનગર) તા.૧૮/૧૨/૨૦૨૧ સાંજના ૫/૧૫ વાગ્યાના સુમારે વટવા જીઆઇડીસી ફેઝ-૩ વિશ્વકર્મા નામની કંપનીમાં જુની ટેન્કર ટાંકીમાં ગેસ કટરથી રબર કોટીંગ તોડતી વખતે ગેસ કટરની પાઇપમાંથી ભડકો થતા દાઝી ગયા હતા. સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૦/૧૨/૨૦૨૧ કલાક ૩/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વટવા જીઆઇડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.બારૈયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.